ગાંધીનગર સમાચાર

સે. ૨૧ અને ૨૪ના ઘરોમાંથી મચ્છરોના સૌથી વધુ પોરા મળ્યા



શીરદર્દ સમસ્યા - પાટનગરના રાજમાર્ગો પર રખડતા ઢોરનો આતંક દિન-પ્રતિદિન વધતો જાય છે... છેલ્લા ૧૫ દિવસમાં એક મહિલાનો ભોગ લેવાયો... અને ૩૦થી વધુ નગરજનો ઘવાયા... છતાં તંત્ર હજુ કોઈ પગલા લેવાનું વિચારતું જ નથી... રામભરોસે ચાલતું આ તંત્ર કેટલી હદ સુધી હાલાકીને વકરવા દેશે એ મુંઝવણ સૌ નાગરિકોના મનમાં છે... અખબારી અહેવાલો કે તસવીરોથી તંત્રની સંવેદનશીલતા પણ જાગતી નથી... કદાચ આ વકરતી સમસ્યા આંદોલનનો સ્વરૂપ પકડે તો પણ નવાઈ નથી... શહેરનું તંત્ર તો કોઈ પગલા લેતું નથી... અને આંખ આડા કાન કરી રહ્યું છે... પરંતુ રાજ્યનું તંત્ર પણ આ સમસ્યાનું નિરાકરણ લાવવા ઈચ્છતું નથી એમ ચર્ચાઈ રહ્યું છે...

# કૃષિક્ષેત્રે ધિરાણમાં ૭ ટકાનો ઘટાડો

**ખાનગીક્ષેત્રમાં વૃદ્ધિ થઈ; ગરીબોના ધિરાણમાં પણ ૭ ટકા જ કામગીરી થતાં કલેક્ટર સખ્ત નારાજ : ધિરાણ મેળવનારાઓની ટકાવારીમાં ૨ ટકા જેટલો વધારો ક્રેડિટ-ડિપોઝીટ રેસિયો ૬૧ ટકાને પાર કરી ગયો**

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર જિલ્લામાં ગરીબ લોકોને ધિરાણ આપવામાં તેમજ કૃષિક્ષેત્રે ધિરાણમાં ૩.૭૪ ટકા જેટલો ઘટાડો પ્રથમ ત્રિમાસિક ગાળામાં જણાતાં જિલ્લા કલેક્ટર સતીષ પટેલે આ અંગે સખ્ત નારાજગી ગઈકાલે સાંજે મળેલ જિલ્લા બેંકર્સની સલાહકાર સમિતિની બેઠકમાં વ્યક્ત કરી હતી.

જિલ્લા કલેકટર પટેલે સ્વરોજગારની યોજનાઓ અને રાજ્ય તેમજ કેન્દ્ર સરકારની અન્ય યોજનાઓમાં ધિરાણ મેળવનારાઓની અરજીઓના નિકાલમાં નકારાત્મક વલણની ટીકા કરી સ્પોન્સર્ડ વિભાગો સાથે સુયોગ્ય સંકલન સાધી હકારાત્મક દિશામાં કામગીરી કરવા માટે બેંકોના અધિકારીઓને કડક તાકીદ કરી હતી.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં એપ્રિલથી જુનના પ્રથમ ત્રિમાસિક ગાળામાં કૃષિક્ષેત્રે માત્ર ૧૭.૩૩ ટકા જ ધિરાણ થયુ છે તેવો અહેવાલ રજુ થતાં જિલ્લા કલેક્ટર પટેલે નારાજગી વ્યક્ત કરી હતી.

જિલ્લામાં ધિરાણ મેળનારા લાભાર્થીઓની સંખ્યામાં ૧.૯૨ ટકા જેટલો વધારો થયાનો તેમજ ક્રેડિટ ડિપોઝીટ રેસિયામાં પણ ૨.૭૨ ટકાનો વધારો થઈ તે ૬૧.૧૭ ટકા થયો હોવાનું આ બેઠકમાં રજુ થયેલા અહેવાલમાં જણાવાયું છે.

જિલ્લાના બે ગામોમાં હજુ પણ બૈંકિંગ સેવા ઉપલબ્ધ થઈ નહિ હોવાને લઈ પણ જિલ્લા કલેક્ટર સતીષ પટેલે નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે બેંક ખાતાઓની સાથે આધારકાર્ડ નંબરોને જોડવા માટેની ધીમી કામગીરી અંગે પણ બેંકોને તેમનું અભિયાન ગ્રાહકો સાથેનું સઘન બનાવવા પર ભાર મુકી કડક તાકીદ કરી હતી. મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં ૬૯ હજાર જેટલા ગ્રાહકોના જ આધારકાર્ડ નંબરોનું સીડીંગ બેંકોમાં થયું છે.

જિલ્લામાં પ્રધાનમંત્રી જનધન યોજનામાં હાલ ૨,૧૭,૭૯૩ જેટલા ખાતા ખોલવામાં આવ્યા છે તેમજ તેમાં ૧૯.૬૭ કરોડ રૂ. જમા હોવાનું બેંકોએ જણાવ્યું હતુ.

જિલ્લામાં મુદ્રા યોજના અંતર્ગત ૬૪૫૧ જેટલા ખાતા કાર્યરત છે અને તેમને આ યોજનાને લઈ ૫૮ કરોડ રૂ. જેટલી માતબર રકમ છુટી કરવામાં આવી હોવાનું પણ બેંકર્સ દ્વારા જણાવવામાં આવ્યુ હતુ.

આ બેઠકમાં લીડ બેંક દ્વારા બેંકો દ્વારા સમયસર વિગતો નહિ મોકલવામાં આવતી હોવાની બાબત અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી દરેક બેંકોને સમયસર વિગતો મોકલી આપવા જણાવવામાં આવ્યુ હતુ તેમજ આ બાબતે કડક તાકીદ પણ કરવામાં આવી હતી.

## કાચા કામના કેદીઓ માટે સબજેલ બનાવાની યોજના ટલ્લે ચઢી

ગાંધીનગર તા ૩૧

ગાંધીનગર જિલ્લામાં કાચા કામના કેદીઓ માટે સબ જેલ બનાવાની યોજના અટવાઈ છે.વર્ષ ૨૦૧૪-૧૫ માં સબ જેલ માટે બજેટમાં જોગવાઈ કરવામાં આવી હોવાછતા હજુ આ વાતનો નિવેડો આવ્યો નથી. જો કે સબ જેલ બનાવવા માટે જિલ્લામાં સ્થળ પસંદગી માટે ચાર થી પાંચ જગ્યાએ પોલીસ હાઉસીંગ દ્વારા નિરિક્ષણ કરવામાં આવ્યુ છે. ટુંકમાં સ્થળ પસંદગીના અંતે આગળની કાર્યવાહી હાથ ધરાશે તેમ પણ સુત્રોએ જણાંવ્યુ છે.

ગાંધીનગર જિલ્લામાં દિનપ્રતિદિન ગુનાખોરીનુ પ્રમાણ વધી રહયુ છે. ત્યારે કાચા કામના કેદીઓને રોજબરોજ ટ્રાન્સફર કરવાની કામગીરી પોલીસ તંત્ર માટે શિરદર્દ સમાન બની છે. જિલ્લામાં કેદીઓ નાસી છુટવાના પણ કિસ્સાઓ અગાઉ પ્રકાશમાં આવ્યા છે. આવા સંજોગોમાં જિલ્લામાં સબ જેલ બનાવાનુ અનિવાર્ય હોવાનુ સ્પષ્ટ થયુ છે. કાચા કામના ૫૦૦ જેટલા કેદીઓને અનુલક્ષી સબજેલ બનાવાનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. વર્ષ ૨૦૧૪-૧૫ માં સબજેલ બનાવવા માટે બજેટમાં જોગવાઇ કરવામાં આવી હતી. પરંતુ બે વર્ષના અંતે પણ આ દિશામાં કોઇ ગતિવિધિઓ હાથ ધરવામાં આવી નથી.

હાલ સબજેલના અભાવે પોલીસનો મેન પાવર પણ રોકાયેલો રહે છે. જો કે સબજેલના નિર્માણ માટે ગુજરાત પોલીસ હાઉસીંગ કોર્પોરેશનના સુત્રોમાંથી જાણવા મળ્યા મુજબ જિલ્લામાં સબજેલ બનાવવા માટે સ્થળ પસંદગી માટે ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. જયારે આ મામલે તંત્ર દ્વારા ચાર થી પાંચ જગ્યાએ નિરિક્ષણ પણ કરવામાં આવ્યુ હતુ.

## સે. ૨૧ અને ૨૪ના ઘરોમાંથી મચ્છરોના સૌથી વધુ પોરા મળ્યા

**૧ ડેન્ગ્યુ અને ૧ મેલેરિયાનો દર્દી પણ મળી આવ્યો : શહેરમાં તાવના કેસો ૧૩૮ જણાતાં લોહીના નમુના લેવાયા**

ગાંધીનગર, તા. ૩૧

શહેરના સેક્ટર-૨૧ના ૧૪૯ ઘર તેમજ સેક્ટર-૨૪ના ૧૪૦ ઘર સહિત ગાંધીનગરના વિવિધ વિસ્તારોમાંથી ૬૫૩ જેટલા આવાસોમાંથી મચ્છરોના પોરા મળી આવ્યા છે.

શહેરમાં મેલેરિયા અંગે હાથ ધરાયેલ હાઉસ ટુ હાઉસ સર્વેલન્સમાં આજે ૧૬૦૫૫ મકાનો આવરી લેવામાં આવ્યા હતા. ૫૬,૪૬૦ વ્યક્તીઓના સર્વેલન્સમાં ૧૩૮ વ્યક્તીઓને તાવ જણાતાં તેમના લોહીના નમુના લઈ તપાસ માટે મોકલી આપવામાં આવેલ છે.

શહેરી મેલેરિયા તંત્રની ટીમે આજે ૧૨ જેટલી શાળાઓની પણ મુલાકાત લીધી હતી અને જ્યાં પોરાનાશક કામગીરી કરવામાં આવી હતી. આ ઉપરાંત ૪૯૪ જેટલા ખાડાઓમાં જ્યાં વરસાદી પાણીનો સંગ્રહ થયો હોઈ ત્યાં દવાનો છંટકાવ કરી પોરાનાશક કામગીરી કરવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે સર્વેલન્સમાં તાવના દર્દીઓ સે. ૯ અને ઈન્દ્રોડામાંથી મળ્યા હતા. જ્યાં ૩૫ કેસ મળ્યા છે તો અર્બન હેલ્થ પાલજ ખાતે ૪૦ જેટલા તાવના દર્દીઓ મળી આવ્યા છે. સે. ૨૪માં ૨૦ તાવના દર્દીઓ મળી આવ્યા છે.

દરમ્યાન આજે તંત્રને એક મેલેરિયા પોઝીટીવ અને ડેન્ગ્યુનો પણ એક કેસ મળી આવેલ છે. ડેન્ગ્યુનો કેસ સે. ૩૦નો છે અને દર્દી હાલ ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. જ્યારે મેલેરિયાના તાવનો દર્દીની સ્થાનિક સરકારી દવાખાનામાં સારવાર ચાલી રહી છે.

શહેરમાં છેલ્લા ત્રણ દિવસથી મેલેરિયા અને ડેન્ગ્યુના દર્દીઓ શોધવા માટે હાઉસ ટુ હાઉસ સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. જે લોહીના નમૂના લેવામાં આવ્યા છે તેની ચકાસણીની કામગીરી હાલ ચાલુ હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

## પાટનગર યોજનામાં ત્રણ કાર્યપાલક ઈજનેર વયનિવૃત થતા સમગ્ર તંત્ર ચાર્જમાં

**ડિવિઝન ૩ ના કાર્યપાલક ઈજનેર ભરત પંડયા સહીત મયુર શાહ અને રજની સિધ્ધપુરાને કર્મચારીઓએ નિવૃતિ જીવનની શુભેચ્છા પાઠવી : છેલ્લા ૩૬ વર્ષથી વિભાગમાં સેવા આપતા ભરત પંડયાની ફરજ નિષ્ઠાને પણ કર્મચારીઓએ બિરદાવી**

ગાંધીનગર તા ૩૧

શહેરમાં માળખાગત સુવિધા





પુરી પાડતા પાટનગર યોજના ભવનના ત્રણ કાર્યપાલક ઈજનેર આજે વયનિવૃત થતા સમગ્ર તંત્ર ચાર્જમાં આવી ગયુ છે. ડિવિઝન ૨ થી ૪ ના કાર્યપાલક ઈજનેરની વયનિવૃતિના અંતે પાટનગર યોજના ભવનની મુખ્ય જગ્યાઓ જ ચાર્જમાં રહેશે. ડિવિઝન ત્રણના કાર્યપાલક ઈજનેર ભરત પંડયા માર્ગ મકાન વિભાગમાં સતત ૩૬ વર્ષની સેવા આપી આજે વયનિવૃત થતા વિભાગના અધિકારીઓ, કર્મચારીઓ તેમજ નગરજનોએ તેમને પુષ્પગુંચ્છ આપી નિવૃતિ જીવનની શુભેચ્છાઓ પાઠવી હતી.તેમના કાર્યકાળ દરમિયાન તેમણે ઈન્દિરાબ્રીજ ,ગીફટ સીટી તેમજ નાંદોલ બ્રિજનુ મહત્વનુ કામ પુર્ણ કરવામાં આવ્યુ હતુ.પાટનગર યોજના ભવન ડિવિઝન ૨ ના કાર્યપાલક ઈજનેર મયુર શાહ તેમજ ડિવિઝન ૪ ના કાર્યપાલક ઈજનેર રજની સિધ્ધપુરા પણ આજે વયનિવૃત થતા કર્મચારીઓએ તેમને શુભેચ્છા પાઠવી હતી.

પાટનગર યોજના ભવનનુ તંત્ર છેલ્લા બે વર્ષથી ચાર્જમાં ચાલી રહયુ

● અનુસંધાન પાન-૫ પર

## જિલ્લા શિક્ષણ સમિતિ દ્વારા જિલ્લાના શ્રેષ્ઠ શિક્ષકો જાહેર

**૫મી સપ્ટેમ્બરના રોજ આ શિક્ષકોનું જીસીઆરટીના હોલમાં સન્માન કરવામાં આવશે**

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર જિલ્લા પંચાયતની શિક્ષણ સમિતિએ જિલ્લાના અને તાલુકાઓના શ્રેષ્ઠ શિક્ષકોની યાદી આજે ઘોષિત કરી છે જેમનું ૫ મી સપ્ટેમ્બરના રોજ જીસીઆરટી હોલમાં એક સાદા છતાં દબદબાભર્યા સમારોહમાં સન્માનપત્ર અને પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવશે.

શિક્ષણ સમિતિની યાદીમાં જણાવ્યા મુજબ જિલ્લાકક્ષાના શ્રેષ્ઠ શિક્ષકોમાં કલોલ પ્રા. શાળા નં. ૯ના પ્રિતીબેન ગાંધી, અનોડિયા -નં.૨ની શાળાના સંજયભાઈ જણસારી, કેળવણી નિરીક્ષક કેટેગરીમાં જીતેન્દ્રભાઈ એમ. મોદી દહેગામ તથા મા. શાળામાં કલોલની વખારિયા સ્કૂલના રમેશભાઈ કે. ચૌધરીની પસંદગી કરવામાં આવી છે.

દરેક તાલુકાના બે-બે શિક્ષકોની પણ શ્રેષ્ઠ શિક્ષક તરીકે પસંદગી કરવામાં આવી છે. જેમાં ગાંધીનગર તાલુકાના શાહપુરના અશ્વિનભાઈ પ્રજાપતિ, તારાપુરના સમિરભાઈ અમીન, કલોલ તાલુકામાં કલોલ શાળા નં. ૪ના હીનાબેન ત્રિવેદી અને આજ શાળાના ગિરીશભાઈ પ્રજાપતિ, માણસા તાલુકાના રિદ્રોલના રસિકભાઈ પ્રજાપતિ તેમજ વેડાના વિપુલભાઈ સુથાર અને દહેગામ તાલુકાના આંગોલીના નાગજીભાઈ રબારી તેમજ રણછોડપુરાના જશુભાઈ એમ. પટેલનો સમાવેશ થાય છે.

શિક્ષણ સમિતિ દ્વારા આ શિક્ષકોના સન્માનની સાથે જિલ્લાના ૧૨૬ વિદ્યાસહાયકો જેમનો નોકરીમાં પાંચ વર્ષ પૂર્ણ થતાં પૂર્ણ પગારના હુકમો પણ એનાયત કરવામાં આવનાર છે.

જિલ્લા શિક્ષણ સમિતિ દ્વારા ગત વર્ષે પણ આ જ રીતે શિક્ષકોનું સન્માન કરવામાં આવ્યું હતું.



ફાયર સેફટી અંતર્ગત શાળાકક્ષાએ જાગૃતિ કેળવાય તે માટે તા ૩૦ ઓગષ્ટ થી ૩ સપ્ટેમ્બર દરમિયાન વિદ્યાર્થીઓને ફાયર સેફટી અંગે સમજણ પુરી પાડવા માટે કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ છે. આ અંતર્ગત સે-૨૩ શેઠ સી એમ હાઈસ્કુલ તેમજ માઉન્ટ કાર્મેલ સ્કુલ ખાતે તાલીમ કાર્યક્રમ યોજાયો હતો.

## આધારકાર્ડની ધીમી કામગીરી અંગે રાજ્યના મુખ્ય સચિવની નારાજગી

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર જિલ્લામાં આધારકાર્ડની ધીમી કામગીરીને લઈ રાજ્યના મુખ્ય સચિવ જે.એન. સિંઘે સખ્ત નારાજગી વ્યક્ત કરી હતી અને કામમાં ગતિ આવે તે માટેના સઘન પ્રયાસો કરવા તાકીદ કરી હતી.

આજે આધારકાર્ડની કામગીરીની સમીક્ષા દરમ્યાન રાજ્યના મુખ્ય સચિવ સિંઘે ગાંધીનગર જિલ્લાના અધિકારીઓ સામે નારાજગી વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે રોજના ૫૦ કાર્ડ પણ નથી થતા તે અત્યંત દુઃખદ કહી શકાય. ૧૦૦ ટકા સાક્ષરતા અહિ પ્રવર્તે છે અને પાટનગરનો જિલ્લો છે ત્યારે ઓછી અને ધીમી કામગીરી યોગ્ય લેખી શકાય નહિ. તેમણે કામગીરીમાં ગતિ આવે તે માટે સઘન પ્રયાસો તંત્ર દ્વારા કરવામાં આવે તેવો આગ્રહ પણ કર્યો હતો.

મળતી વિગતો પ્રમાણે અધિકારીઓએ ઓગષ્ટ માસમાં આવેલી વધુ રજાઓ તેમજ કીટ જિલ્લાના ભૌગોલિક વિસ્તારની દષ્ટિએ ઓછી પડતી હોવાની રજુઆત કરી હતી. પરંતુ મુખ્ય સચિવ સિંઘ આ વાત સાથે સહમત થયા ન હતા.

જિલ્લામાં આધારકાર્ડની કામગીરી ૭૦ ટકાથી પણ વધુ થઈ છે પરંતુ હજુ આ કામગીરીમાં ઘણા બધા પ્રશ્નો હોવાની વાતો પણ બહાર ચર્ચાઈ રહી છે. સેકટરોના પીનકોડ નંબરોના પ્રશ્નો છે તો ફીંગર પ્રિન્ટ પણ ઓછી લેવાતી હોય છે. વારંવાર સર્વર ડાઉન થઈ જતુ હોવાની સ્થિતિ વચ્ચે આ કામગીરી હાલ ચાલી રહી છે.

૨૦૧૧ની વસ્તી ગણતરીના આધારે ૧૦૦ ટકા લક્ષ્યાંક ઝડપથી પૂર્ણ થાય તે માટે સરકાર દ્વારા આ કામગીરીનો સમયાંતરે સમીક્ષા પણ કરવામાં આવી રહી છે. જિલ્લામાં નાના બાળકોના આધારકાર્ડ તેમજ યુવાનોના ઓછા આધાર કાર્ડ નીકળ્યા હોવાનું પણ ધ્યાને આવ્યું છે.

## શહેરના ધાર્મિક આસ્થાના કેન્દ્રો જ મચ્છરોની ઉત્પત્તિના કેન્દ્રો બની ઉભરી રહ્યા છે

ગાંધીનગર, તા. ૩૧

ધાર્મિક આસ્થાના કેન્દ્રો એ મેલેરિયાની ઉત્પત્તિના કેન્દ્રો બનતાં તંત્રને મચ્છરોના બ્રિડીંગ દૂર કરવામાં મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

ખાસ કરીને જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ધાર્મિક આસ્થાના કેન્દ્રોમાં મચ્છરોના બ્રિડીંગ મળી રહ્યા છે. આ બ્રિડીંગને દૂર કરવા માટે તંત્રના કર્મચારીઓને કેટલાક સ્થાનો પર શાબ્દીક ટપાટપી પણ થઈ ગઈ હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લામાં મેલેરિયા સહિતના વાહકજન્ય રોગચાળાના દર્દીઓ શોધવા માટે આરંભાયેલ એક સપ્તાહના સર્વેલન્સના મહા અભિયાનમાં આજે ૨૬૨ જેટલી ટીમો જોતરાઈ હતી અને ૧૨૧૬ જેટલા સ્થાનો પરથી મચ્છરોના લારવા શોધી પોરાનાશક કામગીરી કરી હતી.

આ ટીમોએ ૬૧ ગામોમાં સર્વેલન્સની કામગીરી સંપન્ન કરી લીધી છે. તેમજ ૪૫૮ જેટલા મળેલા તાવના દર્દીઓના લોહીના નમૂના લઈ પ્રા.આ. કેન્દ્રો ખાતે ચકાસણી માટે મોકલી આપેલ છે.

૩જી સપ્ટેમ્બર સુધી આ

● અનુસંધાન પાન-૫ પર

## જિલ્લાના પ્રભારી મંત્રી તરીકે નિર્મલાબેન વાધવાણી નિમાયા

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર જિલ્લાના પ્રભારી મંત્રી તરીકે રાજ્યકક્ષાના મંત્રી શ્રીમતી નિર્મલાબેન વાધવાણીની નિમણુંક કરાઈ છે. અગાઉ પ્રભારી મંત્રી તરીકે મંત્રીમંડળના વરિષ્ઠ સભ્યો ગાંધીનગરની જવાબદારી સંભાળતા હતા.

શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫ મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એકસચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો
અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ
૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક કેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com